સંજય મેડીની લૉબીમાં ઊભો છે. એને બહુ ગમતી જગ્યા. પહેલાં પણ અહીં ઊભો રહેતો. નીચે રસ્તા પર પસાર થતાં લોકોને જોયા કરતો. વસતી લાગતી. તે સમયે બધાં પરિચિત હતાં. હવે અજાણ્યાં લાગે છે.

ઘણી વારથી કોઈ પસાર થયું નથી. અંદર જવા વળ્યો. એક સ્ત્રી દેખાઈ. કોણ છે? અચાનક ક્યાંથી ફૂટી નીકળી? એણે પણ ઉપર જોયું. ખચકાઈ. નવાઈ લાગી હશે, બંધ રહેતા ઘરની લૉબીમાં કોણ ઊભું છે? સંજયને એનો ચહેરો જાણીતો લાગ્યો. ધ્યાનથી જોઈ શકે તે પહેલાં એ આગળ નીકળી ગઈ. સંજય પાળી પર વાંકો વળ્યો. એની પીઠ દેખાઈ. બજાર તરફ વળી ગઈ.

ક્યાં જોઈ હશે? આ દિવસોમાં તો નથી જ જોઈ. કોઈ યાદ આવતું અટકી જાય છે.

સેલફોનની રિન્ગ વાગે છે. ફોન લેવા ઓરડામાં ગયો.

બોલ, રાધિકા.

પપ્પા! ક્યાં છો? ત્રણ દિવસથી ફોન કરું છું.

અહીં નેટવર્કનો પ્રોબ્લેમ છે, ઘણાંની ફરિયાદ છે.

એ જને! લેન્ડ લાઇન પણ નો રિપ્લાય આવે છે.

સંતોષ સવારે સફાઈ કરી જાય પછી ઘર બંધ રહે છે.

સંતોષ કોણ?

કામવાળો.

તમે વલસાડમાં નથી?

ના, બહાર છું. બીજે ગામ.

બીજે ગામ? ક્યાં?

સંજયે આંગણામાં જોયું. લીમડાની ડાળીઓ પવનમાં આમતેમ ડોલે છે. સાંજ પડવા આવી છે. બકરીનું ધણ સીમમાંથી પાછું આવવાનો સમય થયો છે. બકરીને લેવા પાદરમાં જવાનું છે. રાધિકાની વાત લાંબી ચાલશે તો મોડો પડશે.

પપ્પા?

હં?

ક્યાં ગયા છો?

અહીં.

પણ ક્યાં?

મારા ગામમાં.

તમારા ગામમાં? એટલે?

એટલે આ ગામ, જે રાધિકાએ જોયું નથી. સૌમિલે પણ જોયું નથી. પ્રતિમા પણ આ ગામ જોયા વિના ચાલી ગઈ.

મારું ગામ એટલે –

આખું ગામ આંખ સામે આવી ગયું. હનુમાનની દેરીથી માંડી પાતાળકૂવા સુધી. અત્યારનું નહીં, વરસો પહેલાંનું.

હલ્લો...! પપ્પા, ક્યાં ખોવાઈ જાઓ છો?

મારું ગામ એટલે મારા નાનપણનું ગામ.

ખરા છો, પપ્પા! ફોન તો કરવો જોઈએ.

સંજય લૉબીમાં ફરતોફરતો વાત કરતો હતો. ઊભો રહ્યો. લીમડા નીચે ખાટલા પર કોઈ સૂતું છે.

સંજય... બાની બૂમ સંભળાઈ. કેટલી વાર ના પાડી છે કે સંધ્યાટાણે બહાર ન સુવાય, ઊભો થા. એ પરસાળમાં ઊભી છે. બાપુજી ટોપી સરખી કરતા ઓસરીમાંથી આવ્યા. બૂટ પહેરી ડેલી ઉઘાડી. ચાલવા જાય છે

પાછા ક્યારે આવશો? રાધિકાએ પૂછ્યું.

કોને પૂછ્યું?

તમને, બીજા કોને?

મને એમ કે.... થોડો સમય રોકાવાનો છું.

બાપુજી ડેલી બંધ કર્યા વગર ગયા. મંદિરમાં સાંજની આરતીની તૈયારી ચાલતી હશે. શંકર, નરેન્દ્ર, ધીરજ, કાન્તિ આવી ગયા હશે. મોડો પડશે તો મણિકાન્ત નોબત વગાડવા બેસી જશે. જલદીજલદી ચંપલ પહેર્યાં.

કેમ? ત્યાં કશું કામ છે? હલ્લો... હલ્લો...

તારો અવાજ કપાય છે, રાધિકા, પછી ફોન કરું?

ફોન બંધ કર્યો. અચાનક બે સમયમાં ફસાઈ ગયો છે. ચંપલ તો પહેર્યાં પણ ક્યાં જવા? કોઈને શોધતો હોય એમ રસ્તા પર જોયું. કોણ હતી? ચહેરો પરિચિત હતો છતાં કોઈ યાદ આવતું નથી. આટલાં વરસોમાં હજારો ચહેરા જોયા છે. ઘણાના ચહેરામાં સામ્ય હોય છે. ક્યારેક અજાણ્યો ચહેરો જોઈને કોઈ પરિચિત વ્યક્તિ યાદ આવી જાય. એ સ્ત્રીના અણસાર પરથી બીજું કોઈ યાદ આવતું નથી. એ એની પોતાની જ યાદ અપાવી ગઈ છે.

■

આરતી શરૂ થઈ ગઈ છે. મંદિરમાં ચારપાંચ વૃદ્ધો સિવાય કોઈ નથી. મિત્રો કેમ આવ્યા નહીં હોય? કોઈ જાલર વગાડતું નથી. નોબત પણ નથી. આરતીની કેસેટ વાગે છે. પૂજારીએ આરતી પૂરી કરી. છોકરા જેવો છે. બાબુગર પૂજારી ક્યાં? છોકરાને પૂછ્યું. એણે આંગળી ઊંચી કરી. સંજયે ઉપર જોયું. મંદિરના ઘુમ્મટમાં જાળાં લટકે છે. બાબુગર જાળું બની ગયો?

પૂજારી છોકરાએ ચરણામૃત આપ્યું. સાકર અને ટોપરાનો પ્રસાદ આપ્યો.

એ લોકો નથી આવ્યા? છોકરાને પૂછ્યું.

કોણ?

શંકર, નરેન્દ્ર અને એ લોકો?

આવ્યા તો હતા, ઇયાં જ ઊભા'તા. ઓ જાય, જોવો.

પાછળ જોયું. સાંજના ઝાંખા અજવાળામાં વૃદ્ધો પગથિયાં ઊતરતા હતા. સંજય એમની પાછળ દોડ્યો. બહાર કોઈ ન દેખાયું. એકસામટો થાક લાગ્યો હોય એમ એ પગથિયાં પર બેસી ગયો. સામે ચોકમાં હોળી પ્રગટાવી છે. બા માથે ઓઢી હોળીની પ્રદક્ષિણા કરે છે. કળશિયામાંથી પાણીની ધાર રેડે છે. વૃંદા પણ બે હાથ જોડી બાની પાછળ ફરે છે. બાએ નાળિયેરને હોળીની ઝાળ અડકાડી. વૃંદાને આપ્યું. એ ખૂણામાં મૂકેલા મોટા પથ્થર પર ફોડે છે. નાળિયેરનું પાણી કળશિયામાં ભરે છે. બા આજુબાજુ જુએ છે.

સંજય ક્યાં?

ઓ બેઠો, મંદિરના પગથિયે – વૃંદાએ કહ્યું.

સંજય એમની પાસે જાય તે પહેલાં ચોક ખાલી થઈ ગયો.

■ ■